# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 01-05-2024 Morning : 7.45 to 7.55
Day : Wednesday National News

## આકાશવાણી સમાચાર નિકિતા શાહ વાંચે છે.

---

- ✓ લોકસભા ચુંટણીના ત્રીજા તબકકા માટેનો ચુંટણી પ્રચાર વેગવાન બન્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના વાવ અને સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાં જાહેર સભાઓને સંબોધશે.
- ✓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ મંદિરની મુલાકાત લેશે.
- ✓ ચૂંટણી પંચે કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરના અનંતનાગ-રાજૌરી સંસદીય મતવિસ્તારમાં લોકસભા ચુંટણી માટે મતદાનની તારીખ 7 મે થી બદલીને 25 મે કરી છે.
- ✓ ઇઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહુએ કહ્યું છે કે આતંકવાદી જૂથ હમાસ પાસેથી બંધકોને મુક્ત કરવાની વાતચીત ચાલી રહી હોવા છતાં ગાઝાના રફાહ શહેર પર હુમલા ચાલુ રહેશે.
- ✓ IPL માં ગઇકાલે લખનૌ સુપર જાયન્ટ્સે મુંબઈ ઈન્ડિયન્સને ચાર વિકેટથી હરાવ્યું –
- ✓ ભારત, 2025 બેડમિન્ટન જુનિયર વર્લ્ડ ચેમ્પિયનશિપની યજમાની કરશે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# election campaign

લોકસભાની ચૂંટણીના સાતમી મે ના રોજ યોજાનાર ત્રીજા તબક્કા માટેનો ચુંટણી પ્રચાર વેગવાન બન્યો છે. વિવિધ રાજકીય પક્ષોના અગ્રણીઓ મતદારોને રીઝવવા વિવિધ સ્થળોએ ચૂંટણીસભાઓ સંબોધી રહ્યા છે.

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઇકાલે મહારાષ્ટ્રમાં લાતુર ખાતે રેલીમાં સંબોધન કરતાં દેશની પ્રગતિ અને સલામતી માટે સ્થિર અને મજબૂત નેતૃત્વ જરૂરી હોવા ઉપર ભાર મૂક્યો છે.

ગૃહમંત્રી અમિત શાહે બંગાળના બર્ધમાનપુરા ખાતે ચુંટણી સભાને સંબોધતા જણાવ્યું હતું કે, પશ્ચિમ બંગાળના સંદેશાખલીના બનાવમાં કસૂરવાર સામે કડક પગલાં લેવાશે.

કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ મધ્યપ્રદેશના ભીંડમાં ચૂંટણીસભા સંબોધતાં કોંગ્રેસના ચૂંટણીઢંઢેરામાં ખેડૂતો અને યુવાનો સહિત વિવિધ વર્ગના લોકોને અપાયેલી બાંહેધરીની વિગતો આપી હતી.

તૃણમૂલ કોંગ્રેસના વડા અને બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ લોકસભાની ઉત્તરમાલદા બેઠકના ટીએમસીના ઉમેદવારના સમર્થનમાં જાહેરસભા સંબોધી હતી.

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે અને આવતીકાલે ગુજરાતમાં છ રેલીઓને સંબોધશે.

પ્રધાનમંત્રી આજે બપોરે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના વાવ અને સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાં જાહેર સભાઓને સંબોધશે આવતીકાલે આણંદ, સુરેન્દ્રનગર, જૂનાગઢ અને જામનગર શહેરોમાં રેલીઓને સંબોધશે.

ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં ત્રીજા તબક્કામાં 7મી મેના રોજ મતદાન થશે.

# PRESIDENT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ મંદિરની મુલાકાત લેશે.

રામ મંદિર અભિષેક સમારોહ પછી રામ-જન્મભૂમિની આ તેમની પ્રથમ મુલાકાત છે. રાષ્ટ્રપતિ મુર્મુ સાંજે હનુમાનગઢીની પણ મુલાકાત લેશે અને સરયુ આરતીમાં હાજરી આપશે.

રાષ્ટ્રપતિની મુલાકાતને ધ્યાનમાં રાખીને લખનૌ-અયોધ્યા-ગોરખપુર નેશનલ હાઈવે અને રામપથથી અયોધ્યા એરપોર્ટને જોડતા માર્ગ પર ટ્રાફિક ડાયવર્ટ કરવામાં આવ્યો છે. જોકે ભક્તો પહેલાની જેમ મંદિરમાં દર્શન કરી શકશે. રાષ્ટ્રપતિની મુલાકાતને ધ્યાનમાં રાખીને કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે.

## ELECTION - JAMMU

ચૂંટણી પંચે કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરના અનંતનાગ-રાજૌરી સંસદીય મતવિસ્તારમાં લોકસભા ચુંટણી માટે મતદાનની તારીખ 7 મે થી બદલીને 25 મે કરી છે.

ચૂંટણી પંચે જમ્મુ અને કાશ્મીરના અનંતનાગ-રાજૌરી સંસદીય ક્ષેત્રની લોકસભા ચૂંટણી માટેના મતદાન કાર્યક્રમમાં સુધારો કર્યો છે. આ બેઠક પર ત્રીજા તબક્કામાં 7 મેના રોજ ચૂંટણી થવાની હતી, હવે છઠ્ઠા તબક્કામાં 25 મેના રોજ મતદાન થશે. પંચે કહ્યું છે કે કેન્દ્રશાસિત પ્રદેશમાં પ્રચાર દરમિયાન વિવિધ સામગ્રી, સંદેશાવ્યવહાર અને કુદરતી અવરોધોને કારણે ઉમેદવારો માટે વાજબી તકોના અભાવ અંગે વિવિધ રાજકીય પક્ષોની રજૂઆતો પછી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

## CONGRESS

કોંગ્રેસે લોકસભા ચૂંટણી માટે વધુ ચાર ઉમેદવારોની યાદી ગઇકાલે જાહેર કરી છે.

કોંગ્રેસે અભિનેતામાંથી રાજનેતા બનેલા રાજ બબ્બરને હરિયાણાની ગુડગાંવ બેઠક પરથી અને પૂર્વ કેન્દ્રીય મંત્રી આનંદ શર્માને હિમાચલ પ્રદેશની કાંગડા બેઠક પરથી ચૂંટણી માં ઉતાર્યા છે. સતપાલ રાયજાદાને હિમાચલ પ્રદેશના હમીરપુરથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. ભૂષણ પાટિલ મહારાષ્ટ્રમાં ઉત્તર મુંબઈથી ચૂંટણી લડશે. કોંગ્રેસ કેન્દ્રીય ચૂંટણી સમિતિએ ગઇકાલે ચર્ચા બાદ આ નામો નક્કી કર્યા હતા.

## ELECTION

ચૂંટણી પંચ- એ લોકસભા ચૂંટણીના પ્રથમ અને બીજા તબક્કા માટે કુલ મતદાનની ટકાવારી જાહેર કરી છે. પંચના જણાવ્યા અનુસાર પ્રથમ તબક્કામાં 66.14 ટકા અને બીજા તબક્કામાં 66.71 ટકા મતદાન થયું છે.

પંચે જણાવ્યું કે, પ્રથમ તબક્કામાં 66.22 ટકા પુરૂષ મતદારો, 66.7 ટકા મહિલા મતદારો અને 31.32 ટકા નાન્યતર જાતિના મતદારોએ મતદાન કર્યું

જ્યારે બીજા તબક્કામાં 66.99 ટકા પુરૂષ, 66.42 ટકા મહિલા અને ૨૩.૬૮ ટકા નાન્યતર જાતિના મતદારોએ મતદાન કર્યું હતું.

## GUJARAT – AMIT SHAH

ભાજપ ના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે કહ્યું છે કે જો ભાજપ સરકાર ત્રીજી ટર્મ માટે ચૂંટાશે તો સરકાર બે વર્ષમાં દેશમાંથી નક્સલવાદને ખતમ કરી દેશે.

શ્રી શાહ અમદાવાદ પૂર્વ બેઠક પરથી ભાજપના ઉમેદવાર હસમુખ પટેલના સમર્થનમાં નરોડા, અમદાવાદ ખાતે ચૂંટણી રેલીને સંબોધતા આ મુજબ જણાવ્યું.

શ્રી શાહે ભારપૂર્વક જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી મોદીએ દેશમાં શાંતિ સ્થાપી છે અને દેશને વિશ્વની અગ્રણી અર્થવ્યવસ્થાઓમાંની એક બનાવવા તરફ આગળ ધપાવી છે. શ્રી શાહે કહ્યું કે નરેન્દ્ર મોદી સરકારે દેશમાં સર્વાંગી વિકાસનું મોડેલ સ્થાપિત કર્યું છે. તેમણે કહ્યું કે શ્રી મોદી દેશના પ્રધાનમંત્રી બન્યા પછી વૈશ્વિક સ્તરે ભારતની છબી ઘણી બદલાઈ ગઈ છે. શ્રી શાહે ભાજપ સરકાર દ્વારા દેશના ગરીબ અને મધ્યમ વર્ગ માટે કરેલા કલ્યાણકારી કાર્યોનો પણ ઉલ્લેખ કર્યો હતો.

## Manipur Repolling

આઉટર મણિપુર લોકસભા મતવિસ્તારના છ મતદાન મથકોએ ગઇકાલે ફરીથી મતદાન યોજાતાં 81 ટકાથી વધુ મતદાન શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયું છે. ગત 26મી એપ્રિલે યોજાયેલા મતદાન દરમિયાન આ છ મતદાન મથક વિસ્તારમાં હિંસાના બનાવો નોંધાતા અહીં ફરીથી મતદાનના આદેશ અપાયા હતા.

## JAY SHANKAR

વિદેશ મંત્રી ડૉ એસ જયશંકરે ,ગઇકાલે નવી દિલ્હીમાં ભારતીય વાયુસેનાના વોરફેર અને એરોસ્પેસ સ્ટ્રેટેજી પ્રોગ્રામ -WASP માં હાજરી આપી હતી

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, ભારતીય વાયુસેનાએ જણાવ્યું હતું કે આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય રાષ્ટ્રીય શક્તિના મુખ્ય તત્વોની ઓળખ, વિશ્લેષણ-અર્થઘટન અને મૂલ્યાંકનના આધારે નિર્ણય લેવાની ક્ષમતાને વધારવાનો અને સરકારના સર્વગ્રાહી અભિગમ વિશે સમજ વિકસાવવાનો છે.

વાયુસેનાએ જણાવ્યું કે વાયુસેનાના 14 અધિકારીઓ, ભારતીય નૌકાદળના બે અને ભારતીય સેના અને એકેડેમીના એક-એક અધિકારીએ આ તાલીમ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

## ISRAEL

ઈઝરાયલના પ્રધાનમંત્રી  બેન્જામિન નેતન્યાહુએ કહ્યું છે કે આતંકવાદી જૂથ હમાસ પાસેથી બંધકોને મુક્ત કરાવવાની વાતચીત ચાલતી હોવા છતાં દક્ષિણ ગાઝા શહેર રફાહ પર હુમલા ચાલુ રહેશે.

તેમણે કહ્યું કે સંપૂર્ણ વિજય માટે ઈઝરાયેલની સેના રફાહમાં પ્રવેશ કરશે અને ત્યાં હમાસ બટાલિયનનો નાશ કરશે.

શ્રી નેતન્યાહુ નું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે અમેરિકી વિદેશ મંત્રી એન્ટની બ્લિંકન, ઈઝરાયેલના નેતાઓ અને અન્ય અધિકારીઓ સાથે બીજા તબકકાની વાતચીત માટે ઈઝરાયેલમાં છે. શ્રી બ્લિંકનની મુલાકાતનો હેતુ ગાઝામાં માનવતાવાદી સહાયતાનું મૂલ્યાંકન કરવાનો અને હમાસના કબજા માં રહેલા અમેરિકન બંધકોના પરિવારો ને મળવાનો છે. સોમવારે શ્રી બ્લિંકને હમાસના નિયંત્રણમાંથી બાકીના બંધકોને મુક્ત કરવાના મુદ્દે પ્રગતિ થઈ છે તેનો સંકેત આપતા  ઇઝરાયેલને સંપૂર્ણ  રફાહ પર નિયંત્રણ લેવા સામે ચેતવણી આપી હતી.

# IPL

IPL માં ગઇકાલે લખનૌ સુપર જાયન્ટ્સે મુંબઈ ઈન્ડિયન્સને ચાર વિકેટથી હરાવ્યું છે

. લખનૌના એકાના સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં , લખનૌ સુપર જાયન્ટ્સે 145 રનનો ટાર્ગેટ 19 ઓવર અને બે બોલમાં ચાર બોલ બાકી રહેતા છ વિકેટ ગુમાવીને હાંસલ કર્યો હતો. લખનૌ તરફથી માર્કસ સ્ટોઇનિસે 45 બોલમાં 62 રન બનાવ્યા હતા.

અગાઉ મુંબઈ ઈન્ડિયન્સે 20 ઓવરમાં સાત વિકેટે 144 રન બનાવ્યા હતા. મુંબઈ તરફથી નેહલ વાઢેરાએ 41 બોલમાં 46 રનની બનાવ્યા હતા

આ જીત સાથે લખનૌ સુપર જાયન્ટ્સ પોઈન્ટ ટેબલમાં ત્રીજા સ્થાને પહોંચી ગઈ છે જ્યારે મુંબઈ ઈન્ડિયન્સ નવમા સ્થાને છે.

આઈપીએલમાં આજે ચેન્નાઈ સુપર કિંગ્સનો મુકાબલો પંજાબ કિંગ્સ સામે થશે.

# BADMINTION

ભારત , 2025 બેડમિન્ટન જુનિયર વર્લ્ડ ચેમ્પિયનશિપની યજમાની કરશે.

આ સ્પર્ધા નેશનલ સેન્ટર ઓફ એક્સેલન્સ, ગુવાહાટી ખાતે યોજાશે સ્પર્ધાની તારીખો બાદમાં જાહેર કરવામાં આવશે. બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશનના પ્રમુખ પોલ-એરિક હોયરે જણાવ્યું કે ભારતમાં અસાધારણ બેડમિન્ટન પ્રતિભા સતત ઉભરી રહી છે. શ્રી હોયરે કહ્યું કે બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન માટે બીજી વખત ભારતમાં જુનિયર વર્લ્ડ ચેમ્પિયનશિપનું આયોજન કરવું ખૂબ જ મહત્વપૂર્ણ છે.

અગાઉ 2008માં BWF વર્લ્ડ જુનિયર બેડમિન્ટન પુણે ખાતે યોજાઇ હતી.